છેલ્લા ૧૫ દિવસથી સેક્ટર-૨૯ની મુખ્ય ગટરલાઈન જામ

સ્વચ્છતાના બણગાં સામે 'દીવા તળે અંધારૂ' જેવી સ્થિતિ : છેલ્લા ચાર માસમાં ચાર વખત ગટર જામ વારંવાર જાણ કરવા છતાં અધિકારીઓનું ગંભીર દુર્લક્ષ : રોગચાળો ફેલાવાનો ભય

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' અન્વયે સ્વચ્છ ગુજરાતના બણગાં ફુંકતી રાજ્ય સરકાર અને સ્વચ્છ ગાંધીનગરના દાવા કરતી મહાનગરપાલિકા ખરેખર તો પોકળ વાતો જ કરી રહી છે. હકીકતમાં નગરમાં 'દીવા તળે અંધારુ' જેવી પરિસ્થિતિ જ સર્જાવા પામી છે પરંતુ ઝાડુ લઈને ફોટા પડાવનાર અધિકારીઓ આ બાબતે 'આંખ આડા કાન' કરી રહ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૨૯ ખાતે ગંદા પાણી અને કચરાને વહન કરી નિકાલ કરતી મુખ્ય ગટરલાઈન છેલ્લા ચાર માસમાં ચાર વખત ભરાઈ જવા પામી છે અને છેલ્લા ૧૫ દિવસથી જામ થઈ ગઈ છે. છતાં તેને સાફ કરવાની તસ્દી લેવાતી નથી જેના કારણે રહીશોની હાલત કફોડી બનવા પામી રહી છે.

જાન્યુઆરી માસમાં રાજ્ય સરકાર દ્વારા વાઈબ્રન્ટ સમિટ ટાણે 'સ્વચ્છ પાટનગર'ના ઝાકમઝોળ દેખાડા કરાયા પરંતુ ત્યારથી લઈને અત્યાર સુધીમાં સે. ૨૯ની મુખ્ય ગટરલાઈન ચાર-ચાર વખત ભરાઈ જવા છતા તે પ્રત્યે ભયંકર દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. છેલ્લા ૧૫ દિવસથી આ ગટર ચોકઅપ થઈ જવાને કારણે નીચા લેવલે આવેલા મકાનોના રહેવાસીઓની મુશ્કેલીનો પાર નથી. આ બાબતે રહીશો દ્વારા સે. ૨૨ની ઈન્કવાયરી ઓફિસમાં વારંવાર રજૂઆતો કરાઈ છે અને આખી ફરિયાદબુક તેનાથી ભરાયેલી પડી હોવા છતાં અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. આ સમસ્યાનો જો સત્વરે ઉકેલ લાવવામાં નહી આવે તો સેક્ટરમાં રોગચાળો ફેલાવાની શક્યતા જોવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નીચલા લેવલના સફાઈ કર્મચારીઓ ફરજ બજાવવા તૈયાર છે પરંતુ ઉપરી અધિકારીઓના દુર્લક્ષના કારણે તેઓ મજબૂર બને છે. ભૂતકાળમાં બે સફાઈ કર્મચારીઓના ગુંગળાઈ જવાને કારણે મોત થયા હોવા છતાં સફાઈ કર્મચારીઓને ગેસ માસ્ક કે ઓક્સિજનની સગવડ અપાતી નથી. આ કર્મચારીઓ મૌખિક જાણ કરે છે પરંતુ જે લેખિતમાં જણાવે તો અધિકારીઓની ખબગીનો ભોગ બનવાનો વારો આવે છે. આથી લેખિતમાં ના હોવાથી અધિકારીઓ આસાનીથી ફરજમાંથી છટકી ગંભીર દુર્લક્ષ સેવતા થઈ જાય છે. સે. ૨૯ની મુખ્ય ગટર લાઈન પર જ એક જગ્યાએ તો મોબાઈલ ટાવર પણ ખડો કરી દેવાયો છે. અત્યારે આ ગટરલાઈન સેન્ટ્રલ યુનિવર્સિટી પાસે જ ચોકઅપ થવા પામી છે ત્યોર સત્વરે તેની સફાઈ કરાય તેવી પ્રજાજનોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

કોંગ્રેસ અનુસૂચિત જાતિએ બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

ગાંધીનગર, તા.૧૫

જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર તરફથી મહામાનવ ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે એક ભવ્ય રેલીનું બેન્ડ વાજા, સુત્રોચ્ચાર સાથે આયોજન ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જતિ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

રેલીનું પ્રસ્થાન મહાનગર પાલિકાના કોંગ્રેસ પક્ષના નેતા ચિમનભાઈ વિઝુંડાએ કર્યું હતું. જેમાં કોર્પોરેટર શ્રીમતી મીનાબેન વાઘેલા, કોર્પોરેટ અશોકભાઈ શ્રીમાળી, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, શહેર પ્રમુખ મુકેશભાઈ પટેલ, ઉત્તર ઝોનના પ્રમુખ અનિલ પરમાર, યુવા પ્રમુખ જયદિપસિંહ ઠાકોર, એન.એસ.યુ.આઈ. પ્રમુખ અંકિત બારોટ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. રેલીને સફળ બનાવવા માટે જનકલ્યાણ પરિષદના પ્રમુખ દિલીપભાઈ ધારવા, જિલ્લા ઉપપ્રમુખ રામભાઈ પરમાર, રણજીતભાઈ પરમાર, નરેશભાઈ પરમાર, જશીબેન શ્રીમાળી વિગેરેએ જહેમત ઉઠાવી જિલ્લાના અનુસૂચિત જાતિના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રેલીને સફળ બનાવી હતી.

ડ્રાઈવરને સરનામુ શોધવા મોકલી પેસેન્જર જ રીક્ષા લઈ ગયો..!

મહાત્મા મંદિર નજીક છેતરપીંડીનો વિચિત્ર કિસ્સો : અમદાવાદનો રીક્ષા ડ્રાઈવર ચાલતો-ચાલતો પોલીસ સ્ટેશન પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૫

અમદાવાદથી ગાંધીનગર રીક્ષા ભરીને આવેલા પેસેન્જર રીક્ષા ડ્રાઈવરને મહાત્મા મંદિર નજીક સે. ૧૩ પાસે લઈ ગયો અને સરનામુ મળતુ ન હોવાનું બહાનુ કાઢી સરનામુ શોધવા ડ્રાઈવરને મોકલ્યો...!ડ્રાઈવર થોડો દૂર ગયો ત્યાં પેસેન્જર આખી રીક્ષા લઈ રફુચકકર થઈ ગયો હોવાની છેતરપીંડીની વિચિત્ર ઘટના શહેરમાં બનવા પામી છે. ચાલતો ચાલતો રીક્ષા ચાલક સે. ૭ પોલીસમથકે પહોંચ્યો અને છેતરપીંડીનો ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા ગઠીયાને પકડવા ચક્રો ગતિમાન કર્યો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ બિસ્કીટ ગલી વિસ્તારમાં રહેતા મહમ્મદહુસેન હાજીર નુરમહમ્મદ અત્તરવાલા રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે સવારે અમદાવાદથી એક પેસેન્જરને તેમણે પોતાની રીક્ષા નં. જીજે-૧-સી.ટી.૪૭૨ પમાં બેસાડ્યા. તેમને ગાંધીનગર મહાત્મા મંદિર નજીક આવેલા સે. ૧૩માં ઉતરવાનું હતુ. સે. ૧૩ પુષ્પક એપાર્ટમેન્ટ પાસે રીક્ષાચાલકને પેસેન્જર લાવ્યો અને મકાન શોધવાની વાત કરી..! સરનામુ મળતુ નથી કહીને રીક્ષા ડ્રાઈવરને પણ સરનામુ શોધવામાં મશગુલ કરી અજાણ્યો પેસેન્જર રીક્ષા ભાડુ આપવાની વાત તો દૂર રહી પરંતુ ડ્રાઈવરની રીક્ષા જ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. ડ્રાઈવર સે. ૭ પોલીસ સ્ટેશન પહોંચ્યો અને છેતરપીંડી અંગે ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

સે-૬-સી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો તારાબા મહેન્દ્રસિંહ વાઘેલા તરફથી પ્લોટ નં. ૧૦૫૩/૧, સેકટર નં. ૬/સી, અંબિકા ચોક, ભુવનેશ્વરી સોસાયટી, ગાંધીનગર ખાતે 'શ્રી રામપારાયણ કથા મંડપમાં' તા. ૧૬-૪-૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે યોજાશે. નગરની જનતાને લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

સે-૭ ચૌધરી કોલેજમાં આંબેડકર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૧૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવેલ હતી. આ અન્વયે ડૉ. બાબા સાહેબ આંબેડકર જીવન, કવન અને ભારતીય બંધારણના સંદર્ભમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકર, ડૉ. બાબાસાહેબ આંબેડકર-એક વિરલ વિભૂતિ અને ગાંધીજી અને ડૉ. ભીમરામ આંબેડકર-ભારતીયતાના સંદર્ભમાં ત્રણ વિષય પર વિદ્યાર્થીઓએ પોતાનું વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમની ઉજવણી માર્ગદર્શન પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ આયોજન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. મુન્નાબેન ચૌધરી, પ્રા. સોનલ મોદી અને પ્રા. ગીતાબેન ચૌધરીએ સેવા આપી હતી. દેસાઈ સેજલ, રાઠોડ સોનલ અને પટેલ મોનિકાની શ્રેષ્ઠ ત્રણમાં પસંદગી કરવામાં આવી હતી.

નારાયણી રિસોર્ટ ખાતે 'ઈલેકટ્રોન ધ ડિસ્કો લૉન્જ'નો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર એરપોર્ટ રોડ પર નારાયણી હાઈટ્સ હોટેલ એન્ડ રિસોર્ટ ખાતે તાજેતરમાં એક નવ નિર્મિત ડીસ્કોથેક 'ઈલેકટ્રોન ધ ડિસ્કો લોન્જ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ડિસ્કો થેકના પ્રારંભે તા. ૧૦મી એપ્રિલથી તા. ૧૬મી એપ્રિલ દરમ્યાન રોજ સાંજે ૭ વાગે ૭ દિવસીય ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરથી અમદાવાદ તરફના એરપોર્ટ રોડ પર આવેલ સુવિખ્યાત નારાયણી રિસોર્ટ ખાતે ડિસ્કો થેક 'ઈલેકટ્રોન ધ ડિસ્કો લૉન્જ'નો પ્રારંભ કરાયો છે. જેમાં લાઈવ મોકટેઈલ બાર એન્ડ લાઈવ તંદુર વેજની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ડિસ્કો થેકમાં જગ્લીંગ માર્કેટેઈલ તેનો નિષ્ણાંતો દ્વારા પીરસવામાં આવશે તેમજ સાથે લાઈવ સ્ટાર્ટર્સની મોજ પણ માણી શકાશે. ડિસ્કો લોન્જ પ્રારંભે આયોજિત ૭ દિવસીય ઈવેન્ટ દરમ્યાન દરરોજ અલગ અલગ ડીજે દ્વારા લાઈવ મ્યુજીકની વ્યવસ્થા કરવામાં આવી છે.

...હું મારી મરજીથી મારા આત્માનો ત્યાગ કરું છું...!

સ્યુસાઈડ નોટ લખી કુડાસણમાં એક પ્રૌઢે પંખે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો : ચારેક વર્ષ પહેલા દિકરાએ આપઘાત કરી લીધો હતો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક સ્થિત એન.આઈ.ડી. પાસે આવેલી સપ્તઋષિ સોસાયટીમાં ગઈ સાંજે એક પ્રૌઢે પોતાના ઘરની લોબીમાં બીજે માળે પંખે દોરડું બાંધી કોઈ કારણોસર આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. હું મારી મરજીથી મારા આત્માનો ત્યાગ કરું છું. મારા આપઘાત પાછળ કોઈ જવાબદાર નથી... બે લીટીની સ્યુસાઈડ નોટ લખી પ્રૌઢે ગળે ફાંસો ખાઈ લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ચારેક વર્ષ અગાઉ તેમના દિકરાએ પણ આપઘાત કરીને જીવન ટુંકાવ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ એમ.આર. પટેલે ઉંડી તપાસ શરુ કરી છે.

કુડાસણ ગામની સીમમાં સ્થિત એનઆઈડી પાસેની સપ્તઋષિ સોસાયટીમાં મકાન નં. ૧૫ ખાતે રહેતા જયપ્રકાશભાઈ રમણલાલ શાહને બે સંતાનો પૈકી એક દિકરો ચારેક વર્ષ પહેલા મૃત્યુ પામ્યો હતો. જયારે એક દિકરી હાલ અમેરિકા સ્થાયી છે. ઘરે પતિ-પત્નિ બંને એકલા રહેતા હતાં. ગઈ કાલે બપોરે તેમની પત્નિ મીનાક્ષીબેન કોઈ કામે બહાર ગયા હતા અને સાંજે ઘરે પહોંચ્યા ત્યાં સુધીમાં એકલા પડેલા ૫૫ વર્ષીય જયપ્રકાશ શાહે પોતાના ઘરના બીજા માળે લોબીમાં જઈ પંખે દોરડું બાંધીને આપઘાત કરી લીધો હતો. પત્નિએ પોલીસમાં જાણ કરતાં ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી ત્યારે તેમણે લખેલી બે લીટીની સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં લખ્યું હતું કે 'હું મારી મરજીથી મારા આત્માનો ત્યાગ કરું છું... મારા આપઘાત પાછળ કોઈ જવાબદાર નથી.' પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લઈ મૃતદેહ પીએમ માટે મોકલી તપાસ શરુ કરી છે.

ગાંધીનગરમાં કણજાના બી વીણીને પણ પેટીયું રળી લેતાં શ્રમજીવીઓ

દૈનિક આશરે દસ કિલો જેવા બી એકઠા થઈ શકે છે, બિજ નિગમ રૂ. ૫ ના કિલો લેખે ખરીદી કરે છે

ગાંધીનગર, તા. ૧૫

હરિયાળા ગાંધીનગરમાં વિવિધ જાતોના અસંખ્ય વૃક્ષો લહેરાય છે. દરેક વૃક્ષની નગરમાં અલગ ઓળખ ઉભી થઈ છે. અને સમય મુજબ વૃક્ષ તેના ફળ આપે છે. જેમાં સમગ્ર નગરમાં કણજાના અસંખ્ય વૃક્ષ આવેલા છે અને આ વૃક્ષ ઉપર કાજુ આકારના તેના મોટા ફળ (બી) પેદા થાય છે. જે બી સુકાઈને નીચે પડી જાય છે અને આ નીચે પડેલા બી વીણવાનો શ્રમજીવીઓ વ્યવસાય કરે છે. હાલમાં સમગ્ર નગરમાં આ રીતે બી વીણતાં શ્રમજીવીઓ નજરે પડી રહ્યા છે. વિણેલાં બી ને નક્કી કરેલા સ્થળે વેચાણ કરી શ્રમજીવીઓ પોતાનો પરિવારનું ભરણપોષણ કરે છે. આમ પ્રથમ નજરે બિનઉપયોગી કણજાના બી અનેક પરિવારોનો હાલ આધાર બન્યા છે.

પર્યાવરણ માટે અતિ મહત્વના અને ઉપયોગી વૃક્ષો અનેક પ્રકારે ફાયદાકારક હોવાના ઉદાહરણો મોજુદ છે. રાજ્યના પાટનગરમાં સૌથી વધારે વૃક્ષો હોવાથી હરીયાળા પાટનગરનું બિરૂદ મળ્યુ છે. નગરમાં લીમડો, પીપળો, કણજો, આંબો, આસોપાલવ સહિત મોટી સંખ્યામાં ઠેર ઠેર વૃક્ષોની હારમાળા જોવા મળે છે. આ વૃક્ષો ઉપરે તની સિઝન મુજબ ફળ આવતા હોય છે. જેમાં કણજાના વૃક્ષ ઉપર પણ ઉનાળામાં બી(ફળ) આવે છે અને આ ફળ સુકાઈને નીચે પડી જાય છે. કદાચ બહુ ઓછી સંખ્યામાં લોકો જાણતા હશે કે આ કણજાના બી દવા બનાવવામાં વપરાય છે. જેથી અમુક ચોક્કસ સ્થળોએ તેની માંગ રહે છે અને માંગ મુજબ નગરમાં કેટલાક શ્રમજીવીઓ આ નીચે પડેલા બી વીણવાનો વ્યવસાય કરે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નગરમાં બી વિણતાં શ્રમજીવીને આ અંગે પુછતા તેઓએ જણાવ્યું હતું કે અમો દૈનિક આશરે દસ કિલો જેવા બી વ્યક્તિગત રીતે વીણી લઈએ છીએ તેમજ આ બી બિજ નિગમને રૂ. ૫ના કિલોના ભાવે વેચાણ આપીએ છીએ. જો કે અભણ અને અસ્પષ્ટ બોલતા આ શ્રમજીવીએ વેચાણના સ્થળ અંગે અજાણ હોવાનું જણાવ્યું હતું. છતાં પણ આ રીતે પણ ગરીબ પરિવાર પોતાના પરિવારનું ભરણપોષણ કરી લેતા હોય છે અને વૃક્ષો અનેક પરિવારોનો સહારો બનતા હોવાની હકીકતને યથાર્થ ઠેરવી રહ્યા છે. દવા બનાવવામાં ઉપયોગી એવા આ બી વિણવાની આકરી મહેનતનું વળતર ઉંચુ પ્રાપ્ત થાય તે માટે ઉચ્ચ કક્ષાએથી પ્રયાસ હાથ ધરાય તેવું સંજોગોઆધિન લાગી રહ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૨

તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૪ :
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૬.૪૫

સ્ક્રીન-૩ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦
બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :
લીલા : ૧૦.૦૦
ધરમ સંકટ મેં : ૩.૪૫
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :
લીલા : ૬.૩૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

આપની આજ

મેષ : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

કન્યા : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

વૃશ્ચિક : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે.

ધન : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

કુંભ : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ઈન્દુબેન મગનભાઈ દેસાઈ (ઉ.વ.૫૩) પ્લોટ નં. ૧૩૫૬/૧, સેકટર-૫એ, ગાંધીનગર
- સ્વ. પટેલ જગદીશભાઈ બાબુભાઈ (ઉ.વ.૫૪) મુ. ચીલોડા, તા.જી. ગાંધીનગર